કોટેજ ઇન્ડસ્ટ્રિઝનાં ગેરકાયદે બાંધકામો મુદ્દે બે વિસ્તારના લોકોનો આક્રોશ

# પાલિકામાં પહેલા માળેથી કૂદવાનો પ્રયાસ

**સણિયા** અને કોસાડના રહીશોએ કમિશનર- ઝોન વડાઓની ઓફિસ બહાર હોબાળો મચાવ્યો



સુરતઃ મહાનગરપાલિકામાં રહેણાંક વિસ્તારોમાં હોટ ફીક્સના કચરા બાદ કોટેજ ઈન્ડસ્ટ્રીઝનો મુદ્દો પણ મનપાના તંત્રવાહકો માટે ગળાનું હાડકું બનવા માંડ્યો છે. ચાર વર્ષથી રજૂઆત કરી રહેલા સણિયા હેમાદ અને કોસાડ વિસ્તારના રહીશોએ સોમવારે આ મુદ્દે કમિશનર તેમજ બંને ઝોનના વડાઓની ઓફિસ બહાર આક્રોશ વ્યકત કરી તાપીભવન ગજાવતા ભારે ધમાચકડી જોવા મળી હતી. એટલું જ નહી એક અરજદારે તો પહેલાં માળે ડેપ્યુટી કમિશનરની ઓફિસ બહારથી રેલિંગ કૂદી નીચે પડવાનો પ્રયાસ કરતાં અફરાતફરી મચી હતી. જો કે તેની સાથે આવેલા અરજદારો અને માર્શલોએ તેને પકડી લેતાં મોટી દુર્ઘટના ટળી હતી.

ઘટના બાદ રોષે ભરાયેલા સ્થાનિકોએ વરાછા ઝોનનાં ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈ અને કતારગામ ઝોનના વડા ડેપ્યુટી કમિશનર સ્મિત લોઢાની કચેરી બહાર હોબાળો મચાવ્યો હતો. પહેલાં મનપા કમિશનરની કચેરી બાદ ઉગ્ર સૂત્રોચ્ચાર બાદ બંને ઝોનના અધિકારીઓને પણ રહીશોએ ઘેરી લઈ વ્યથા ઠાલવી હતી. જો કે આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી નહીં થવા પાછળ કેટલાક ધારાસભ્યો અને રાજકીય નેતાઓ દ્વારા દબાણ લાવવામાં આવતું હોવાની ચર્ચા પણ સામે આવી રહી છે.

## ડિમોલિશનનો આદેશ છતાં બાંધકામો યથાવત: જતીનભાઇ

સણિયા હેમદના રહીશ અને રેલિંગ પરથી કૂદી પડવાનો પ્રયાસ કરનાર જતિનભાઈના જણાવ્યા મુજબ, તેમનો વિસ્તાર રહેણાંક ઝોનમાં આવે છે, પરંતુ કોટેજ ઇન્ડસ્ટ્રીઝના નામે પરવાનગી મેળવી હેવી ઔદ્યોગિક એકમો ઊભા થઇ ગયા છે. આ અંગે છેલ્લા ચાર વર્ષથી સતત રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. ક્યારેક એક અધિકારી પાસે તો ક્યારેક બીજા અધિકારી પાસે મોકલીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરવામાં આવે છે. જતિનભાઈએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને મુખ્યમંત્રી કક્ષાએથી ડિમોલિશન અંગેના આદેશો હોવા છતાં કાર્યવાહી આગળ વધતી નથી.

## ડિમોલિશન માટે જઇએ તો આત્મવિલોપનની ચીમકી મળે : ડેપ્યુટી કમિશનર

ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઇએ જણાવ્યું હતું કે, 'અમે કોઈને મરી જાવ એવું કહ્યું નથી. સાત ઓક્ટોબરે ડિમોલિશન માટે ગયા હતા ત્યારે મિલકતના માલિકે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો અને પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલની પરિસ્થિતિમાં પોલીસ પ્રોટેક્શન વગર ડિમોલિશન કરવું શક્ય નથી. આ વાત સમજાવતાં અરજદારે હું મરી જાઉં એવું કહીને ઓફિસમાંથી બહાર દોડી કૂદવાનો પ્રયાસ કર્યો હતો.

## અડાજણમાં ગાડીના બોનેટ પર મૂકેલું બિલ્ડરનું બેગ ચોરાયું

સુરતઃ અડાજણ પરશુરામ ગાર્ડન પાસે આવેલા અષ્ટવિનાયક રો હાઉસમાં રહેતા અને બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા ૫૪ વર્ષીય જયેશભાઈ રણજીતભાઈ નાયક ગત તા. ૧૬/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિએ પોતાના મિત્રની સ્વિફ્ટ કાર લઈને અડાજણ ગ્રીન વેલી સર્કલ પાસે આવેલા પેલેડિયમ સ્કાય ખાતે બિઝનેસ મીટિંગ અર્થે આવ્યા હતા. દરમિયાન જયેશભાઈએ પોતાનું કાળા રંગનું બેગ પાર્ક કરેલી કારના બોનેટ પર મૂકી પેલેડિયમ સ્કાયમાં ગયા હતા. ભૂલી ગયેલું પાકિટ પરત લેવા આવતા તે ગાયબ હતું. ચોરાયેલા બેગમાં રોકડા રૂપિયા ૧,૨૦,૦૦૦, એક એપલ કંપનીનું આઈપેડ, હિસાબની ડાયરી, જરૂરી પ્રોપર્ટી અને બિઝનેસના દસ્તાવેજો તેમજ જયેશભાઈનું લીકર પરમિટનું લાઈસન્સ રાખેલું હતું. જે અંગે ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સુરત કાપડ બજારમાં પોલીસની તોડબાજી સામે ગૃહમંત્રી લાલઘૂમ

**સરોલી**-સલાબતપુરા પોલીસ અને ઈકોનોમિક સેલના અધિકારીઓને હર્ષ સંઘવીનું અલ્ટિમેટમ

**EOWમાં** મોટા પાયે બદલીના ભણકારા

સુરતઃ એશિયાના સૌથી મોટા ગણાતા સુરત ટેક્સટાઈલ માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કરોડો રૂપિયાની છેતરપિંડી અને ઉઠમણાંના ખેલમાં હવે ખાખી વર્દીની ભૂમિકા અત્યંત શંકાસ્પદ અને વિવાદિત બની છે. કાપડ બજારની ઠગાઈની તપાસ કરતી સુરત ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક સેલ (EOW) તેમજ સ્થાનિક પોલીસ સામે ગંભીર ભ્રષ્ટાચાર અને તોડબાજીના આક્ષેપો ઉઠતાં સમગ્ર મામલો ગાંધીનગર ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક મહત્ત્વપૂર્ણ કોન્ફરન્સમાં પોલીસ અધિકારીઓનો ઉધડો લઈ સીધા રહેવા અને પદ્ધતિસર કામ કરવાની આકરી ચીમકી આપતાં સુરત પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## રિકવરીમાં ૪૦થી ૬૦ ટકા સુધીની વસૂલાત: ખાખીના નામે લુખ્ખાગીરી

સુરત કાપડ બજારમાં ચીટિંગનો ભોગ બનેલા વેપારીઓનાં અટવાયેલાં નાણાં કઢાવવાના નામે પોલીસનાં કેટલાંક ભ્રષ્ટ તત્ત્વો ૪૦% થી લઈને ૬૦% સુધીનો તોતિંગ હિસ્સો પડાવી રહ્યા છે. આરોપી પાસેથી પૈસા રિકવર થાય ત્યારે અડધોઅડધ રકમ પોલીસના મળતિયાઓ ઓહિયા કરી જાય છે.

## અરજીઓમાં સેટિંગ અને ધાકધમકીનો ખેલ

કાપડ માર્કેટમાં નાના વેપારીઓ સાથે થતી કરોડોની ઠગાઈની તપાસ માટે અરજીઓ ઈકોનોમિક સેલને સોંપવામાં આવે છે. જોકે, એફઆઈઆર નોંધવાને બદલે અરજદારોને ધમકાવી આરોપીઓ સાથે મળીને સેટિંગ પાર પાડવાના કારસા ઘડાતા હતા. છેલ્લા આઠેક મહિનાથી આ મામલે પીડિત વેપારીઓમાં ભારે આક્રોશ હતો, જેની તમામ ગુપ્ત વિગતો પુરાવા સાથે ગૃહ મંત્રાલય સુધી પહોંચી જતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

## શેર ટ્રેડિંગમાં નફાની લાલચે ઠગાઈમાં મહિલા કેરળથી ઝડપાઈ

સુરતઃ શેરબજારમાં રોકાણ કરી મહિને પાંચ ટકાથી વધુનો મબલખ નફો કમાઈ આપવાની લોભામણી વાતો કરી સુરતના એક નાગરિક સાથે રૂ.૧૩,૧૦,૦૦૦ની માતબર રકમની ઓનલાઈન છેતરપિંડી આચરવાના ગુનામાં સંડોવાયેલી સલીના ટી ઉમર થડિયાન (ઉં.વ.46, રહે., વેટ્ટીક્કદાવુ, ચોકડ ગામ, નિલામ્બુર, જિ.મલપ્પુરમ, કેરળ)ની સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે કેરળ ખાતેથી ઝડપી પાડી છે. પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. મહિલાએ પોતાના દીકરા સાથે મળીને બનાવેલી ફર્મનું ખાતું ૩% કમિશનની લાલચે આ એકાઉન્ટ સાયબર ફ્રોડ માટે અન્ય ફરાર આરોપીઓને વાપરવા આપ્યું હતું. ખાતા સામે દેશભરમાં ફરિયાદ નોંધાઈ છે.

# પહેલાં નોરતે જ યશ્વી ગરબાના ડોમમાં શોર્ટ સર્કિટથી ભાગદોડ મચી

**ડોમમાં** ખેલૈયાઓ કે દર્શકોની હાજરી ન હોવાને કારણે મોટી જાનહાનિ ટળી

સુરતઃ સચિન આભવા રોડ સ્થિત યોજાયેલી યશ્વી નવરાત્રિ ઈવેન્ટનાં વિશાળ ડોમમાં નવરાત્રિનાં પહેલા દિવસેજ ફોકસ લાઈટમાં શોર્ટ સર્કિટ થવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. શોર્ટ સર્કિટને કારણે આયોજકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. તો સ્થળ પર સ્ટેનબાઈ રહેલી ફાયર બ્રિગેડની ટિમ પણ સર્તકતા દાખાવીને તુરંત જ ડોમમાં દોડી આવી હતી, બાદમાં ઉપર તુરંત જ કાબૂ મેળવી લેવાયો હતો.

સબ ફાયર ઓફિસર રાજેશ દેશમુખે જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે 8:00 કલાકે યશ્વી નવરાત્રિ ડોમમાં વાયરિંગ તથા અન્ય ટેસ્ટિંગની કામગિરી ચાલી રહી હતી, દરમિયાન ડોમની અંદર લગાવેલી હેલોજન (ફોકસ) લાઈટમાં શોર્ટ સર્કિટ થતાં તણખાઓ ઝરવા લાગ્યા હતા.

તણખા ઝરવાને કારણે ટેસ્ટિંગ કરી રહેલાં વાયરમેનો, કામદારોમાં દોડધામ મચી ગઈ હતી. સાથે-સાથે ઘટનાની જાણ થતાં જ ઈવેન્ટ આયોજકો પણ દોડી આવ્યા હતા.

સ્થળ ઉપર ફાયર બ્રિગેડ પણ સ્ટેનબાય રાખી હોવાને કારણે ફાયરનો સ્ટાફ પણ દોડી ગયો હતો. ટેક્નિશ્યનો દવારા પાવર સપ્લાઈ તુરંત બંધ કરી દેતાં પરિસ્થિતિ સામાન્ય બની ગઈ હતી.

જોકે ડોમમાં આ સમયે કોઈ ખેલૈયાઓ કે જોવા વાળા લોકો હાજર ન હોવાને મોટી જાનહાનિ થતાં રહી ગઈ હોવાનુ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

# પતિ સોડા લેવા જતાં લુંટારા આવ્યા પણ પત્નીના પ્રતિકારથી પકડાયા

**વેસુમાં** કારમાં એકલી બેઠેલી મહિલાના ગળા પર ચપ્પુ મૂકી બંદૂકથી ડરાવી લૂંટનો પ્રયાસ પણ મેરઠના બંને લુંટારા પકડાઇ ગયા

સુરતઃ વેસુમાં ગત રવિવારે રાત્રે કારમાં એકલી બેઠેલી મહિલાના ગળા પર ચપ્પુ મૂકી અને માથા પર દેશી બંદૂક તાકીને સોનાનાં ઘરેણાં લૂંટવાનો પ્રયાસ કરનારા ઉત્તર પ્રદેશના મેરઠના બે શખ્સોને સતર્ક પેટ્રોલિંગ પોલીસે ઝડપી પાડ્યા છે.

ભટારની ઈશ્વરનગર સોસાયટીમાં રહેતાં વંદનાબેન સુરતી (ઉં.વ.૪૮) ગત ૧૧ ઓક્ટોબરે રાત્રે તેમના પતિ હિમાંશુ સાથે કારમાં વેસુ વિસ્તારમાં ફરવા નીકળ્યા હતા. રાત્રે આશરે સાડા નવેક વાગ્યાના અરસામાં મિલિયાના ફોર ધ સિલેક્ટ યુ કન્સ્ટ્રક્શન સાઈટ પાસે રોડ પર પતિએ કાર પાર્ક કરી હતી અને તેઓ નજીકની પાનની દુકાને સોડા લેવા ગયા હતા. તે વખતે અચાનક એક શખ્સ ડ્રાઈવિંગ સીટની બાજુમાં બળજબરીથી ઘૂસી ગયો હતો અને વંદનાબેનના ગળા પર ચપ્પુ મૂકી દીધું હતું. તેની સાથે બીજો શખ્સ પાછળનો દરવાજો ખોલીને કારમાં બેસી ગયો હતો અને મહિલાના માથા તરફ દેશી હથિયાર (બંદૂક) તાકી દીધી હતી. બંનેએ મહિલાના ગળામાંથી સોનાની ચેઈન અને હાથમાંથી સોનાની બંગડી આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ગભરાઈ જવાને બદલે વંદનાબેને હિંમત દાખવીને તેમનો પ્રતિકાર કર્યો હતો. આ ઝપાઝપી દરમિયાન સોનાની બંગડી તૂટીને કારમાં જ પડી ગઈ હતી અને મહિલાના બંને હાથના કાંડાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

પોતાની ચાલ ઊંધી પડતી જોઈ એક શખ્સે કાર સ્ટાર્ટ કરીને ભગાડી જવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન વંદનાબેને કારના બોનેટ પર હાથ પછાડી જોરજોરથી બૂમાબૂમ શરૂ કરી દીધી હતી. ગભરાટમાં કાર આગળ જઈને એક પથ્થર સાથે અથડાઈ ગઈ હતી. આ સમયે વેસુ વિસ્તારમાં રાત્રિ પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને આખી સ્થિતિનો તાગ મેળવીને ત્વરિત કાર્યવાહી કરી નજીકની નવનિર્મિત બાંધકામ સાઈટ પરથી થોડીવારમાં જ બંનેને પકડી પાડ્યા હતા. પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

## મહિલાએ બંને આરોપીને ઓળખી બતાવ્યા

ભોગ બનનારી મહિલાએ પોલીસ સમક્ષ બંને આરોપીઓને ઓળખી બતાવ્યા હતા. પૂછપરછ દરમિયાન તેમની ઓળખ મહતાબ અબ્દુલ સલામ અને રોશન બુન્દુ સૈફી તરીકે થઈ હતી. બંને મેરઠના કાંશી વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

## દેશી કટ્ટો, બે જીવતા કારતૂસ અને ચપ્પુ કબજે, બે બાઇક પણ ચોરીની નીકળી

લૂંટના પ્રયાસ બાદ બનાવમાં ઉપયોગમાં લીધેલાં હથિયારો અને કપડાં બાંધકામ ચાલતી એક ઇમારતમાં ફેંકી દીધાં હોવાની કબૂલાતના આધારે પોલીસે એક દેશી કટ્ટો, બે જીવતાં કારતૂસ અને એક ચપ્પુ કબજે કર્યાં હતાં.

# ગમખ્વાર અકસ્માતમાં સિટી બસના ચાલકને ૧૦ વર્ષની કેદ

**7 વર્ષ** પહેલાં ઉધનામાં સિટી બસની અડફેટે દોઢ વર્ષની બાળકી અને રાહદારીનુ મોત થયું હતું

સુરતઃ સાત વર્ષ પહેલાં ઉધના સત્યનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે સિટી બસે સર્જેલા ગંભીર અકસ્માત કેસમાં એડિશનલ સેશન્સ જજ ભાવેશ અવાશીયાએ આરોપી ડ્રાયવરને ૧૦ વર્ષની કેદની સજા અને ૫૧૧૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની હકીકત મુજબ તા ૨૯/૦૧/૨૦૧૯નાં સાંજ સમયે ફરીયાદીની પત્ની રોશનીબેન, મરણજનાર દિકરી વિની (ઉંમર દોઠ વર્ષ) તથા સાળાની પત્ની પ્રિતીબેન તથા રાહદારી દિનેશકુમાર અર્જુનભાઈ પટેલ ઉધના મેન રોડ સત્યનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડની બાજુમા ઝેબ્રા ક્રોસિંગમા રોડ ક્રોસ કરતાં હતા, ત્યારે સીટી બસ નં. GJ-05-BZ-0720 ના ચાલક આરોપી ગોપાલભાઈ કાનજીભાઇ (કોસાડ)એ બસ પૂરઝડપે અન્ય ગફલતરીતે હંકારી લાવી રાહદારીઓને અડફેટમાં લેતાં દિકરી વિની અને રાહદારી દિનેશભાઇ પટેલનુ મોત નીપજ્યું હતું. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે ચુકાદો આપતાં નોંધ્યું હતું કે બીઆરટીએસ જેવી જાહેર પરિવહન સેવાના વાહનચાલક પર માત્ર પોતાનું વાહન સુરક્ષિત રીતે ચલાવવાની જ નહીં, પરંતુ તેમાં મુસાફરી કરતાં લોકો તથા રસ્તા પર અવરજવર કરતા અન્ય તમામ વ્યક્તિઓની સલામતી પ્રત્યે પણ વિશેષ જવાબદારી રહેલી હોય છે.

# દિવાળીમાં STની 1600 સામે રોજની 2000 ખાનગી બસ દોડશે

**માથાદીઠ** ભાડું વસૂલાશે, સુરતથી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન સહિત 5 રાજ્યો તરફ ખાનગી બસ દોડાવાશે

સુરતઃ GSRTC દ્વારા દિવાળી માટે વધારાની 1600 બસ દોડાવવાની જાહેરાત કરાઈ છે, તેની સામે ખાનગી ઓપરેટરોએ દિવાળીના સપ્તાહમાં રોજની 2000 બસ દોડાવવાની તૈયારી કરી છે. હાલ સુરતમાં લગભગ 200 જેટલા ખાનગી ટ્રાવેલ્સ ઓપરેટર સક્રિય છે, જે સામાન્ય દિવસોમાં રોજની 800થી 1000 બસ વિવિધ રૂટ પર દોડાવે છે. જેમાં સૌથી વધુ બસો સૌરાષ્ટ્રના રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, ઉત્તર ગુજરાતના મહેસાણા, પાલનપુર, ડીસા, રાજસ્થાનના ઉદયપુર, જયપુર, બાડમેર અને મહારાષ્ટ્રના ધુલિયા, નાસિક, મધ્યપ્રદેશના ઈન્દોર તરફ દોડે છે. તહેવારના દિવસોમાં આ આંકડો બમણો થઈને 2000 સુધી પહોંચી જાય છે.

## ભાડું વસૂલવાની સિસ્ટમ ઓપરેટરોએ બદલી

દિવાળીમાં સુરત પરત આવતી બસ ખાલી હોય છે. આ ખાલી ફેરાનું નુકસાન ભરપાઈ કરવા ઓપરેટરો ભાડું વધારતા હતા. પરંતુ આ વખતે ભાડું વધારવાને બદલે સિસ્ટમ બદલી છે. હવે અંતર પ્રમાણે માથાદીઠ એક સરખું ભાડું લેવાશે. 500 કિ.મી. સુધીના રૂટ માટે 500 રૂપિયા, 500થી 700 કિ.મી. સુધીના રૂટ માટે 700 રૂપિયા અને 700 કિલોમીટરથી વધુ અંતર જેવા કે રાજસ્થાન અને મધ્યપ્રદેશના લાંબા રૂટ માટે 800 રૂપિયા માથાદીઠ ભાડું નક્કી કરાયું છે.

# ડુમસ સી ફેસઃ ફેઈઝ-2ની 32 હે. જમીન મેળવવા કમિ.ની કવાયત

**ફેઝ-1** બાદ ઇકો-ટૂરિઝમ, મેન્ગ્રોવ વોક અને રિક્રિએશનલ ઝોનનું ફેઝ-2માં આયોજન

સુરતઃ સુરતવાસીઓ માટે હોટફેવરિટ ડેસ્ટિનેશન બની રહેલા ડુમસ સી ફેસનો ફેઝ-1 પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાયા બાદ હવે બીજા તબક્કામાં ઈકો-ટૂરિઝમ, ફોરેસ્ટ આધારિત ડેવલપમેન્ટ અને વિવિધ મનોરંજનની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.

જોકે, આ આયોજનને જમીન પર ઉતારવા માટે અન્ય સરકારી વિભાગો પાસેથી જમીન હસ્તાંતરણની પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી હોવાથી સુરત મહાનગરપાલિકાએ કવાયત તેજ કરી છે. સોમવારે મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સંબંધિત વિભાગોને જમીન સોંપણીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી હતી.

સમગ્ર ડુમસ સી ફેસ પ્રોજેક્ટનું આયોજન આશરે 47 હેક્ટર જમીનમાં કરવામાં આવ્યું છે. ફેઝ-1 પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાયા બાદ દરિયાકાંઠે સહેલગાહ માણવા માટે મોટી સંખ્યામાં લોકો ઊમટી રહ્યા છે. હવે ફેઝ-2માં પ્રોજેક્ટનો વ્યાપ વધારી પ્રવાસીઓ માટે નવી સુવિધાઓ ઊભી કરવાની યોજના છે.

પરંતુ આ માટે જરૂરી 32 હેક્ટર જમીન મેળવવાની પ્રક્રિયા પૂર્ણ ન થતાં બીજા તબક્કાના આયોજનમાં સરકારી વિભાગો વચ્ચે સંકલન મહત્ત્વનું બન્યું છે.

## ઇકો-ટૂરિઝમથી મેન્ગ્રોવ વોક સુધીની સુવિધાઓનું આયોજન

ડુમસ સી ફેસના બીજા તબક્કામાં કુદરતી પર્યાવરણને કેન્દ્રમાં રાખીને ફોરેસ્ટ આધારિત ડેવલપમેન્ટ અને ઇકો-ટૂરિઝમ વિકસાવવાની દિશામાં આયોજન કરાયું છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ ઝોનમાં બોક્સ ક્રિકેટ, કાફેટેરિયા, બેઝમેન્ટ પાર્કિંગ, વિવિધ રિક્રિએશનલ એક્ટિવિટી, પબ્લિક સ્પેસ, ઇકો ઝોન, વોક વે ટ્રેલ્સ અને પ્રોમેનાડ જેવી સુવિધાઓ વિકસાવવાની યોજના છે. ખાસ કરીને મેન્ગ્રોવ એટલે કે ખારલેન્ડ વિસ્તારમાંથી પસાર થતો વોકિંગ ટ્રેક પ્રવાસીઓ માટે નવું આકર્ષણ બની શકે છે. હાલમાં સ્પોર્ટ્સ ઝોન, કાફેટેરિયા અને બેઝમેન્ટ પાર્કિંગ સહિતની કેટલીક કામગીરી પ્રગતિમાં છે.

## ઉધના-ઉનમાં 8 સ્ક્રેપ વેપારીને ત્યાં ત્રીજા દિવસે પણ તપાસ યથાવત્

સુરતઃ આર્યન સ્ટીલ અને સ્ક્રેપનો વેપાર કરતા સુરતના અંદાજે 8 મોટા વેપારીનાં ધંધાકીય સ્થળો, ગોડાઉનો અને ઓફિસો પર દરોડા પાડવામાં આવ્યા છે. તપાસનો વ્યાપ વધારવા માટે અમદાવાદ અને રાજકોટથી પણ SGSTના નિષ્ણાત અધિકારીઓની 8થી વધુ વિશેષ ટીમોને સુરત બોલાવવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં વેપારીઓ દ્વારા મોટાપાયે બોગસ બિલિંગ આચરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. સ્થળ પરથી બોગસ બિલિંગ અને ફ્રોડ સંબંધિત દસ્તાવેજો, ડિજિટલ પુરાવા, લેવડદેવડના ચોપડા, બેંક ખાતા અને ખરીદ-વેચાણની બોગસ એન્ટ્રીઓ મળી આવી છે. તપાસ અધિકારીઓએ તમામ ડેટા કબજે કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. આ કૌભાંડમાં કરોડો રૂપિયાની કરચોરી બહાર આવવાની પ્રબળ શક્યતા છે

# સ્કૂલ-કોલેજ-કેમ્પસ

## ખેલ મહાકુંભમાં પ્રેસિડન્સી સ્કૂલની ટીમોની સિદ્ધિ



સુરતઃ ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલ (ઈંગ્લિશ મિડિયમ)ની અંડર-17 ગર્લ્સ ટીમે ખેલમહાકુંભની ઝોન કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે ગુજરાતી માધ્યમની અંડર-17 બોયઝ ટીમે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. ગર્લ્સ ટીમમાં વિવા શાહ, કાવ્યા પ્રજાપતિ, દૃષ્ટિ ભજીયાવાળા, આશ્કા વોરા, અરવી ઇટાલિયા, હેતવી જરીવાલા, વંશિકા જૈન, મહેક મોદી, રોશની પંજાબી અને શગુન ખૂંટનો સમાવેશ થાય છે. જ્યારે બોયઝ ટીમમાં મેઘ પરમાર, વેદ લાડ, દિવ્યાંગ ડોડિયા, જેન્સિલ ખલાસી, હર્ષ પટેલ, હર્ષિત પટેલ, રાઘવ મિસ્ત્રી, જસ્ટિન પટેલ, રુદ્ર અધ્વર્યુ અને દક્ષ પટેલે ભાગ લીધો હતો. આ સિદ્ધિ બદલ ટ્રસ્ટી પ્રાધ્યાપક એન. એમ. કારિયા, ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ ચુડાવાળા અને આચાર્યા દીપિકા શુક્લાએ પી.ટી. શિક્ષક રશ્મિકાંતભાઈ પટેલ સહિત તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## SSASITમાં 400 વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે HPV રસી અપાઇ



સુરતઃ સુરતના શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SSASIT) ખાતે 8 ઓક્ટોબરના રોજ વિદ્યાર્થિનીઓને સર્વાઇકલ કેન્સરથી બચાવવાના હેતુથી વિનામૂલ્યે HPV રસીકરણ કેમ્પ યોજાયો હતો. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમસભા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કેમ્પમાં વિદ્યાસંકુલની વિવિધ કોલેજોની આશરે 400 વિદ્યાર્થિનીઓને ગાર્ડાસિલ-4 રસી આપવામાં આવી હતી.

## વિવેકાનંદ કોલેજમાં પ્રી-નવરાત્રિ મહોત્સવની ઉજવણી




સુરતઃ જહાંગીરપુરા સ્થિત વિવેકાનંદ કોલેજમાં તા. 8 ઓક્ટોબર, 2026ના રોજ પ્રી-નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલી ગરબા સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રંગબેરંગી પરિધાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પરંપરાગત ગરબાની રમઝટ બોલાવી હતી. સ્પર્ધાનું મૂલ્યાંકન નિર્ણાયકો પ્રશાંત પટેલ અને હિમાંશીએ કર્યું હતું. કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટી મહેશભાઈ રામાણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે મોટિવેશનલ સ્પીકર ચિરાગ કાનાણીએ પણ હાજરી આપી હતી. કોલેજના ફેકલ્ટી સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, એકતા અને સહભાગિતાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

## VNSGUની ૨૧થી વધુ કોલેજોમાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન



સુરતઃ VNSGU સંલગ્ન STERS-SASCMA કોલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન યોજાયું હતું. આ અભિયાન હેઠળ યુનિવર્સિટી સંલગ્ન ૨૧થી વધુ કોલેજોમાં સેમિનાર યોજાયા હતા, જેમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ ડો. આશિષ કે. દેસાઈ અને પ્રોજેક્ટ હેડ ધ્યાની દર્પણ વશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ, આત્મહત્યા નિવારણ અને મનોવિજ્ઞાનના વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## જાણીતા શિક્ષણવિદ્ બી.એ. પરીખના અવસાનથી શિક્ષણ જગતને મોટી ખોટ પડી



સુરતઃ સુરતના જાણીતા શિક્ષણવિદ્ બીએ પરીખનું નિધન થતાં શિક્ષણ જગતને મોટી ખોટ પડી છે. તેઓ મૂળ ઉમરેઠના વતની હતા, પરંતુ તેમની કર્મભૂમિ સુરત રહી. તેમણે સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ અમદાવાદ ખાતે કર્યો. ઈ.સ. 1954-55માં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.ટી.બી. આર્ટ્સ કોલેજમાં મનોવિજ્ઞાન વિષયના અધ્યાપક તરીકે જોડાયા. એમટીબી આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ પણ બન્યા. સુરતમાં સત્ય શોધક સભાની શરૂઆત કરી. મનોવિજ્ઞાન વિષયના ઘણા પુસ્તકો પણ લખ્યાં. ડો. બી. એ. પરીખને 1991માં નર્મદ યુનિ.ના કુલપતિ પણ બનાવવામાં આવ્યા હતા. તેઓ બે ટર્મ કુલપતિ તરીકે રહ્યા. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ સાથે તેમને ખૂબ લગાવ હતો. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી તરીકેનું પદ પણ શોભાવતા હતા.

## વનિતા વિશ્રામ વિમેન્સ યુનિ.નાં અધ્યાપિકા ડો.મહેરનાઝ પટેલ પીએચ.ડી. થયાં




સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી, સુરતના જ્યોતિ દલાલ સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડો.મહેરનાઝ મરઝબાન પટેલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી ડોક્ટર ઓફ ફિલોસોફી (પીએચ.ડી.)ની પદવી પ્રાપ્ત કરી છે. તેમના ડોક્ટરલ સંશોધનનો વિષય "ઇમ્પેક્ટ ઓફ ફાઇનાન્શિયલ લિટરસી એન્ડ રિસ્ક ટોલરન્સ ઓન ફાઇનાન્શિયલ ડિસિઝન મેકિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ બિહેવિયર: અ સ્ટડી ઓફ સુરત સિટી" હતો. તેમનું સંશોધન કાર્ય ડો.હુરમઝ પટેલ (રીસર્ચ ગાઇડ)ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના પ્રેસિડેન્ટ અને વનિતા વિશ્રામ, સુરતના ચેરમેન ક્રિપ્લાની ટી. દેસાઈ તથા વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ અને વનિતા વિશ્રામ, સુરતના વાઇસ ચેરમેન પ્રવીણ ટી. વોરા, વનિતા વિશ્રામ, સુરતના સેક્રેટરી મનહર સી. દેસાઈ તથા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો.દક્ષેશ ઠાકર અને રજિસ્ટ્રાર ડો.આર.ડી.પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં.